રાજપુર ગવાડી પાસે ગંદકી દુર કરવા આરોગ્ય વિભાગ દ્વારા પાલીકાને નોટીસ

ડીસા, તા. ૧૫

ડીસા શહેરના રાજપુર અને ગવાડી તરફ જતા માર્ગમાં ખડકાયેલ કચરાના ઢગ, ગંદકી અને તેના

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

દ્વારા આજુબાજુના વિસ્તારોમાં ઉદભવેલી ગંભીર સમસ્યા અંગે મિડીયામાં છપાયેલ સમાચારને પગલે ડીસા અર્બન હેલ્થ ઓફિસર દ્વારા ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસરને નોટીસ ફટકારી સત્વરે ગંદકીનો ઉકેલ લાવવા જણાવ્યું છે.

ડીસા શહેરના મીરા મહોલ્લાથી ગવાડી તેમજ રાજપુર તરફ જતા માર્ગ વચ્ચે આવતા વ્હોળાની જગ્યામાં ગંદકીના ઢગ ખડકાયા છે. અહી આવેલી ભંગારીઓની દુકાનોમાંથી જુના ફ્રીઝ તોડી અંદરનો કચરો ખુલ્લામાં ફેકી દેવામાં આવે છે તેમજ કતલખાનાઓમાંથી મરઘાના પીંછા સહિતનો વેસ્ટ જાહેરમાં ફેકી દેવાય છે. જેના કારણે રોગ ચાળની ભિતી સર્જાઈ છે. આ બાબતે મિડીયામાં ફોટા સાથે અહેવાલ પ્રસિધ્ધ થતાં સફાળા જાગેલા ડીસા તાલુકા હેલ્થ કચેરીના અર્બન હેલ્થ યુનિટ દ્વારા ડીસા નગરપાલિકાના ચીફ ઓફિસરને નોટીસ ફટકારી સત્વરે ગંદકીનો ઉકેલ લાવવા સુચન કરેલ છે. ત્યારે ડીસા નગરપાલિકા નોટીસનો અમલ

કરે છે કે પછી ઘોળીને પી જાય છે. અત્રે ઉલ્લેખનિય છે કે શહેરમાં ગંદકીના મામલે આરોગ્ય વિભાગ દ્વારા કેટલીયવાર નગરપાલિકાને નોટીસો ફટકરાઈ છે. પરંતુ નગર સત્તાધીશોએ આરોગ્ય વિભાગની એક પણ નોટીસનો અમલ કર્યો નથી.

સાબરકાંઠા બેઠક પર શંકરસિંહનો વિજય નિશ્ચિત મનાઈ રહ્યો છે

ઉત્તર ગુજરાતની ચાર પૈકી ત્રણ બેઠકો પર કોંગ્રેસે જીતનો આશાવાદ વ્યક્ત કર્યો છે : 'મોદીનું મિશન-૨૬ ફેલ થશે

સાબરકાંઠા, તા. ૧૫

લોકસભાની ચૂંટણી માટે શુક્રવારે સમગ્ર દેશમાં મતગણતરી હાથ ધરાશે. લોકસભાની ચૂંટણીના પરિણામને લઈ મોદીના હોમગ્રાઉન્ડ ગુજરાતમાં પણ મિશન-૨૬ પર સૌની મીટ મંડાઈ રહી છે. ત્યારે ઉત્તર ગુજરાતની સાબરકાંઠા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ કેન્દ્રીય મંત્રી શંકરસિંહ વાઘેલાનો વિજય નિશ્ચિત છે તેવો વિશ્વાસ કાર્યકરો વ્યક્ત કરી રહ્યા છે. જ્યારે ઉત્તર ગુજરાતની અન્ય ત્રણ લોકસભા બેઠક બનાસકાંઠા, પાટણ અને મહેસાણા પર કાંટે કી ટક્કર જામશે. પરિણામે એવું પણ મનાય છે કે ગુજરાતમાં 'મોદીનું મિશન-૨૬' પૂર્ણ નહી થાય.

લોકસભાની ચૂંટણી માટે મતદાન બાદ આજે સમગ્ર ભારતમાં કુલ ૯૮૯ મતગમતરી કેન્દ્રો પર ગણતરી હાથ ધરાશે. સવારે ૮ કલાકે મતગણતરી કેન્દ્રો પરથી પરિણામો આવવાની શરૂઆત થશે.

સમગ્ર ભારતમાં ચૂંટણી

પરિણામોને લઈ નાના-મોટા સૌ આતુરતાથી રાહ દેખી રહ્યા છે.

એક્ઝિટ પોલના તારણ ભાજપ તરફેણમાં આવતા આખુ ભાજપ ગેલમાં આવી ગયું છે. ત્યારે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના હોમ ગ્રાઉન્ડ ગુજરાતમાં 'મિશન-૨૬' અપૂર્ણ સાબિત થાય તેમ દેખાઈ રહ્યું છે. ગુજરાતમાં ઉત્તર ગુજરાતની સાબરકાંઠા લોકસભા બેઠક પર શંકરસિંહ વાઘેલા અંદાજે ૫૦હજારની લીડ સાથે વિજયી જાહેર થશે તેવો આશાવાદ કોંગ્રેસી કાર્યકરો વ્યક્ત કરી રહ્યા છે. ગત લોકસભામાં આ બેઠક એ ભાજપ પાસે હતી. આ વખતે એ કોંગ્રેસ કબજે કરશે તેવું હાલ વાતાવરણ દેખાઈ રહ્યું છે. ઉપરાંત ઉત્તર ગુજરાતની પાટણ, બનાસકાંઠા અને મહેસાણા બેઠક પર પણ ચોંકાવનારા પરિણામો આવે તેવું જણાઈ રહ્યું છે. પાટણ બેઠક પર કોંગ્રેસ અને ભાજપ વચ્ચે કાંટે કી ટક્કર જામી છે. વર્ષોથી કોંગ્રેસની ગણાતી આ બેઠક પર કોંગ્રેસના ભાવસિંહ અને ભાજપના લીલાધર વાઘેલા પોતાની જીત માટે દાવા ઠોકી રહ્યા છે. ઉત્તર ગુજરાતની બીજી મહત્વની ગણાતી બનાસકાંઠા બેઠક પર પણ બન્ને ચૌધરી ઉમેદવારો હોવાથી પરિણામોને લઈ ભારે ઉત્સુકતા જણાઈ રહી છે. જ્યારે મહેસાણામાં પણ ત્રણેય પટેલ ઉમેદવાર હોવાથી ત્રણેય વચ્ચે ભારે રસાકસી જામશે. ઉત્તર ગુજરાતની ચાર બેઠકો બેકી સાબરકાંઠા બેઠક પર કોંગ્રેસની જીત નિશ્ચિત છે. જ્યારે અન્ય ત્રણ બેઠક પર અણધાર્યા પરિણામો આવે તો નવાઈ નહી. ટૂંકમાં ઉત્તર ગુજરાતની ચાર પૈકી ત્રણ બેઠક પર કોંગ્રેસ પોતાની જીત માટેનો આશાવાદ વ્યક્ત કરી રહી છે. જેથી ભાજપનુ મિશન-૨૬ એ અપૂર્ણ સાબિત થશે તેવું ચિત્ર હાલ ઉપસી રહ્યું છે.

દાંતાના રતનપુરમાં વિશ્વશાંતિ અધિવેશન યોજાશે

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠાના દાંતા નજીક રતનપુરમાં આગામી ૧૮ મેના રોજ જમીયત ઉલેમા દ્વારા વિશ્વ શાંતિ અધિવેશન યોજાશે.

બનાસકાંઠા જિલ્લા જમીયત ઉલમાનો 'વિશ્વ શાંતિ અધિવેશન' દરેક પ્રકારના વિવાદને શાંતીમય રીતે ઉકેલ લાવવા, માનવતા, મિત્રતાપૂર્ણ સંબંધ, ભાઈચારો, પરસ્પર સહકાર, દરેક તબક્કે દેશ અને કોમના પ્રતિનિધિની ફરજ અને અન્યાય સામે અવાજ ઉઠાવવાના હેતુસર આ અધિવેશન આગામી ૧૮મી મે રવિવારના રોજ રતનપુર (દાંતા) મુકામે સાંજે ૬ થી ૧૦ વાગ્યા સુધી યોજાશે. જેમાં જમીયત ઉલમા હિંદના રાષ્ટ્રીય મહામંત્રી સૈયદ મહેમુદ સાહેબ મદની ખાસ ઉપસ્થિત રહેશે તથા અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

પાલનપુરમાં આંગણવાડી કેન્દ્રોમાં ભારે અનિયિમતતા દાખવાતી હોવાની રાવ

ખંભાતી તાળાં મારી ફરજમાં ગુલ્લી મારનારી સંચાલિકાઓને નોટીસ ફટકારાશે : સી.પી.ડી.ઓ.

પાલનપુર, તા. ૧૫

ગુજરાતની ભાજપ સરકારના મહીલા અને બાળ કલ્યાણ વિભાગ ધ્વારા ચાલતી આંગવાડી કેન્દ્રોના પ્રજાલક્ષી અભિગમનું બાળમરણ કરતી આંગણવાડી કેન્દ્રો પાલનપુરમાં ચાલી રહયા હોવાની રાવ ઉઠી છે. પાલનપુરમાં હમાના હડમાલામાં વ્યસ્ત સુપરવાઈઝરોના પાપે તેઓના નિરકુંશ વહીવટને પગલે પાલનપુરમાં આંગણવાડી કેન્દ્રોમાં ભારે અનિયમતતાની સાથે ગેરરીતીઓ ચાલી રહી હોવાની બુમરાણ મચી છે.

પાલનપુર શહેરની આંગણવાડી કેન્દ્રોની સેકટર મીટીંગ દર મહીનાની આખરમાં ૧૯ કે ૨૦ તારીખે યોજાતી હોય છે. ત્યારે પાલનપુર શહેર સેજાની તુંડમિજાજી અને સી.ડી.પી.ઓની પણ પોતે ''રક્ષા'' કરતી હોવાના ડોળ સાથે તેઓને પણ ખિસ્સામાં લઈને ફરતી હોવાની શેખી મારતી સુપરવાઈઝર ધ્વારા ગઈ કાલે તા.૧૪-૫-૨૦૧૪ના રોજ જામપુરા પ્રાથમિક શાળામાં સેકટર મીટીંગ બોલાવવામાં આવી હતી.જેમાં ૧૯ તારીખ સુધીનો ડેટા એકત્ર કરતા પત્રકો ભરાવીને સુપરવાઈઝર ધ્વારા ઓનરેકર્ડ ગેરરીતી આચરાઈ હોવાની ફરીયાદો વચ્ચે આજે મીડીયાની ટીમે પાલનપુર શહેરની કેટલીક આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લીધી હતી. જેમાં આંગણવાડીના સમયના કલાકો દરમિયાન, ઘેમરપુરા ખાતે સુષ્માબેનનું આંગણવાડી કેન્દ્ર, ઢુંઢીયાવાડી આશાબેનની આંગણાવાડી કેન્દ્ર અને ચાણકયપુરી મીનાબેનના આંગણવાડી કેન્દ્રો પર ખંભાતી તાળુ જોવા મળ્યું હતું. ચાલુ ફરજે ગુલ્લી મારી બાળકોને તગેડી મુકી ખંભાતી તાળું મારી ફરજમાં અનિયમિતતા દાખવનાર આંગણાવાડી સંચાલકો અંગે પાલનપુર સી.ડી.પી.ઓ શશીબેન બ્રહમભટ્ટનું ધ્યાન મીડીયા ધ્વારા દોરવામાં આવતા તેઓએ પણ આંગણવાડી કેન્દ્રોના સમયગાળા દરમિયાન ફરજમાં અનિયમિતતા દાખવાનાર કસુરવાર સંચાલિકાઓને નોટીસ ફટકારવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી હતી. વળી, સેકટર મીટીંગ પાંચ દિવસ અગાઉ બોલાવી ઓન રેકર્ડ ગેરરીતીને પ્રોત્સાહીત કરનાર સુપરવાઈઝર અંગેનો પણ અહેવાલ મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે તેવી ખાત્રી સી.ડી.પી.ઓએ આપી હતી. વધુમાં તેઓએ આંગણવાડી કેન્દ્રોની સરપ્રાઈઝ વીઝીટ કરી ફરજમાં ગુલ્લી મારનાર તથા તેઓને છાવરનાર તેના સેજાની સુપરવાઈઝરો સામે પણ શિક્ષાત્મક પગલાં ભરવાની ખાત્રી આપી હતી. ત્યારે ફરજમાં અનિયમિતતા દાખવનાર સંચાલિકાઓ તથા તેડાગર બહેનો સામે ખરેખર પગલાં ભરાશે કે પછી હમાના હડમાલામાં આવી ફરીયાદો દફતરે થઈ જશે??? તે પ્રશ્ન ચર્ચાસ્પદ બન્યો છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજના બોરિયા ગામે વહેલી સવારે ટ્રક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતા ટ્રેક્ટર ચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. મજરા-બોરીયા માર્ગ પર આજે સવારે આઈશર ટ્રક નં. જીજે-૨૩-ટી-૬૦૦૮ના ચાલકે પુરપાટ ઝડપે ટ્રક હંકારી સામેથી આવતા ટ્રેક્ટરને સામેથી ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રક ટ્રેક્ટર ચાલક યોગેશસિંહ નરસિંહ રાઠોડ ઉંમર વર્ષ ૨૦ને ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ અંગે પ્રાંતિજ પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઈશરત કેસ : શાહને આરોપી બનાવવાની અરજી ફગાવાઈ

શાહ અને કૌશિકને આરોપી બનાવવા સીબીઆઈ કોર્ટમાં ધારદાર દલીલો કરવામાં આવી હતી પણ દલીલ ફગાવાઈ

અમદાવાદ, તા.૧૪

ચકચારી ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં માર્યા ગયેલા પ્રણેશ પિલ્લઈના પિતા ગોપીનાથ પિલ્લઈ દ્વારા તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહ અને પૂર્વ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર કે.આર. કૌશિકને આરોપી બનાવવાની અરજી મિરજાપુર સ્થિત ખાસ સીબીઆઈ અદાલતે ફગાવી દીધી છે. આમ તો સીબીઆઈ પણ અમિત શાહ અને કેઆર કૌશિકને ક્લીનચીટ મળી ગઈ હતી અને હવે કોર્ટ દ્વારા પણ તેમને રાહત મળી છે.

વર્ષ ૨૦૦૪માં અમદાવાદના કોતરપુર વોટર વર્કસ પાસે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની હત્યા કરવા ચાર આતંકવાદી આવી રહ્યા હોવાની બાતમીનો આધાર લઈ ગુજરાત પોલીસ અને આઈબીના અધિકારીઓએ ઈશરત જહાં સહિત ચાર શખ્સોને નકલી એન્કાઉન્ટરમાં ઠાર મારી નાંખ્યા હતા. આ કેસની તપાસ સીબીઈને સોંપાતા સીબીઆએ ઘણાં ઉચ્ચ પોલીસ અધિકારીઓને જેલ હવાલે કર્યા હતા. પરંતુ સીબીઆઈ દ્વારા દાખલ પુરક ચાર્જશીટમાં રાજ્યના તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહ અને પૂર્વ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર કે.આર. કૌશિકનો કોઈ ઉલ્લેખ કર્યા વગર ક્લીનચીટ આપી દીધી હતી.

જેમાં એન્કાઉન્ટરમાં માર્યા ગયેલ પ્રણેશ પિલ્લઈના પિતા ગોપીનાથ પિલ્લઈએ અમિત શાહ અને કેઆર કૌશિકને આરોપી બનાવવા સીબીઆઈ ખાસ અદાલતમાં અરજી દાખલ કરી હતી. જેમાં બંને પક્ષો વચ્ચે ધારદાર દલીલો થઈ હતી. પિલ્લઈના વકીલ શમશાદ પઠાણે દલીલ કરતા કહ્યું હતું કે અમિત શાહ અને કેઆર કૌશિકને આરોપી બનાવવા પુરતા પુરાવા છે જેમાં સાક્ષીઓના સ્ટેટમેન્ટ તેમજ અમિત શાહ અને વણઝારા વચ્ચે એન્કાઉન્ટર વખતે તયેલ વાતચીતના રેકોર્ડ છે. બીજી તરફ અમિત શાહના સિનિયર વકીલ એસબી રાજુએ કહ્યું હતું કે અમિત શાહ સામે પ્રથમ દર્શનીય ગુનો બને તેવા કોઈ પુરાવા નથી. ઉપરાંત જે ટેલીફોનિક વાત થઈ હતી તે રથયાત્રાની સુરક્ષા સંદર્ભે થઈ હતી. કેઆર કૌશિકના વકીલે જણાવ્યું હતું કે એન્કાઉન્ટર થયું એ વખતે તેઓ રજા ઉપર હતા તેમનું ચાર્જશીટમાં નામ નથી તેઓ કેસમાં સાક્ષી છે કેસમાં તેમની કોઈ ભૂમિકા નથી જેથી તેઓને આરોપી બનાવી શકાય. સીબીઆઈ કોર્ટના જજ ગીતા ગોપીએ બંને પક્ષોની દલીલો સાંભળી અમિત શાહ અને કેઆર કૌશિકને આરોપી બનાવાની અરજી ફગાવી દીધી છે.

સીબીઆઈની તરફેણમાં નિવેદન હોવાથી જામીન

અમદાવાદ, તા.૧૪

સિનિયર એડવોકેટ એસ.વી. રાજુએ અમિત શાહને આરોપી બનાવવા સાક્ષીઓના નિવેદનો આધાર લેવાના સંદર્ભમાં જણાવ્યું હતું કે જે લોકોએ સ્ટેટમેન્ટ આપ્યા છે તેઓ નકલી એન્કાઉન્ટરમાં સંકળાયેલા છે. તેઓના એફઆઈઆરમાં નામ પણ છે. તેથી તેઓ સાક્ષી બન્યા છે. તેઓએ સીબીઆઈની તરફેણમાં સ્ટેટમેન્ટ આપેલ હોવાથી તેઓને જામીન પણ મળ્યા છે જીએલ સિંઘલનું સ્ટેટમેન્ટ પણ સીબીઆઈની આ ડિઝાઈન પ્રમાણે છે. કેમ કે સીબીઈએ ૯૦ દિવસમાં ચાર્જશીટ ફાઈલ ન કરતા સિંઘલને જામીન મળી ગયા હતા.

ઊંઝામાં ઉમિયા માતાજીની ભવ્ય નગરયાત્રા નીકળી

ઊંઝા, તા. ૧૫

ઊંઝા શહેરમાં દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પરંપરાગત રીતે કડવા પાટીદારોના કુળદેવી શ્રી ઉમિયા માતાજીની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. આજે વૈશાખ સુદ પૂનમના રોજ સવારે ૮.૩૦ કલાકે દબદબાપૂર્વક ભારે હર્ષોલ્લાસ અને માના ગુણગાન સાથે નીજ મંદિરેથી ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ઘણી મોટી સંખ્યામાં માઈભક્તોએ જોડાઈને મા ઉમિયાના જયઘોષ થકી સમગ્ર વાતાવરણ ગુંજવી દીધુ હતુ.

સવારના ૮.૩૦ કલાકે માતાજીના નીજ મંદિરેથી ચાંદીના રથમાં મા ઉમિયાની ભવ્ય નગરયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો જોડાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયુ હતું. માતાજીના નીજ મંદિરેથી નિકળેલ આ યાત્રા શહેરના વિવિધ માર્ગો તરફ પ્રયાણ કરી લાલ દરવાજા, વડેચીમાતા, બહારમાઢ, ખજુરીપોળ, ચબુતરા, કોટકુવા, છીંપાવાડ, સ્વામીનારાયણ મંદિર, વાડીપરૂ, રામબાગ, બાળોજમાતા, ગંજબજારમાં થઈને ગાંધીચોક, સહ્કાહોલ, આઝાદચોક, ડબગરની પીંપળ, ખારાકુવા થઈ માતાજીના નીજ મંદિરે પરત પહોંચી હતી.

આ નગરયાત્રામાં શ્રી માતાજીના રથની સાથે હાથી-ઘોડા, બગીઓ, સ્કૂટર અને મોટર સાયકલ સવારો, મોટરકારો, ટેબ્લો, બેન્ડવાજા, ધ્વજા પતાકા, મૂન વોકર વિવિધ નૃત્યો વગેરેએ ભારે આકર્ષણ જમાવ્યુ હતું. જેમાં બગી, ટ્રેક્ટર અને જીપ, ઘોડાઓને સોળે કળાએ સજાવવામાં આવ્યા હતા. રામ, લક્ષણ, હનુમાનનો વેશ ધારણ કરી બાળકોએ સતયુગના દર્શન કરાવ્યા હતા. આ નગરયાત્રામાં શહેરીજનો તથા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. નગરયાત્રામાં શહેરના યુવક મંડળો, ભક્ત મંડળો, મહિલા ભક્ત મંડળો જોડાયા હતા. નગરયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનો જોડાવવાથી રાજમાર્ગો પર લાંબી કતારો જામી હતી.

આ યાત્રા દરમિયાન બુંદી, મહાપ્રસાદ, સુતરફેણી, પેંડા વગેરેનો પ્રસાદ ભક્તજનોને વહેંચવામાં આવ્યો હતો. શહેરના રસ્તાની બન્ને સાઈડ ઉપર ઉમટી પડેલ ભાવિક ભક્તજનોએ ઉમળકાભેર યાત્રામાં જોડાયેલ ભાવિભક્તો અને માતાજીના રથનું પુષ્પોથી સ્વાગત કર્યું હતું.

યાત્રા ગંજબજારમાંથી નીજ મંદિરે પરત ફરી હતી ત્યારે શહેરનો મુખ્ય માર્ગ ઉપર શ્રદ્ધાળુઓએ બોલ મારી ઉમિયા જય જય ઉમિયાનો જયઘોષ સતત જારી રાખ્યો હતો. ત્યારે બે ઘડી ભક્તિનો ભારે માહોલ સર્જાયો હતો. અસહ્ય ગરમી હોવા છતાં એક લાખ ઉપરાંત જનસંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. સેવાભાવી સંસ્થાઓ દ્વારા શરબત, ઠંડા પાણીના પાઉચ તેમજ ઠંડી છાશની સુવિધા પુરી પાડવામાં આવી હતી. નગર યાત્રા નિમિત્તે માતાજીના પાવન દિવસે દરેક નગરજનોએ ઘેર ઘેર ઉજાણી મનાવી અને ઘરના દ્વારે આસોપાલવના તોરણ બાંધી ઉત્સવને ઉત્સાહથી દિપાવ્યો હતો. નગરયાત્રાને પગલે શહેરના મુખ્ય માર્ગો પર ધજા પતાકાઓથી શણગારવામાં આવ્યા હતા. યાત્રાનું આયોજન ઉમિયા માતા સંસ્થાન ઊંઝા અને ઉમા માઈ મંડળના સહયોગ દ્વારા કરાયું હતું.

ધાનેરામાં શટલીયા ચાલકો પર પોલીસની તવાઈ

ધાનેરા, તા. ૧૫

બનાસકાંઠાના છેવાડાના ધાનેરા ખાતે મુખ્ય એસ.ટી. સ્ટેશન પાસે ઘણા સમયથી શટલીયા જીપ-રીક્ષાવાળાઓ સામે આજે જિલ્લા પોલીસ દ્વારા તવાઈ લવાતા ભારે દોડધામ મચી જવા પામી હતી.

ધાનેરાના એસ.ટી. બસ સ્ટેશનની આસપાસ ૨૦૦ મીટરની હદ મર્યાદામાં કોઈ પણ ખાનગી વાહન શટલીયા દ્વારા મુસાફરોની હેરાફેરી કરવા સામે જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામુ અમલમાં છે. તેનો ભંગ કરતા 'નો પાર્કિંગ ઝોન'માં ઉભા રહેતા વાહનચાલકો સામે ધાનેરા પોલીસ સાથે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા સલીમ બેલી અને લસત ત્રિવેદી સામે ૧૮૮ મુજબ ગુનો નોંધી અટકાયત કરાતા શટલીયા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. જ્યારે પોલીસ તંત્ર હમાની માયાઝાળને સંકેલી નિયમિત સટલીયા ચાલકો સામે પગલા ભરે તેવો પણ પ્રજાજનોમાં સૂર ઉઠવા પામ્યો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૬૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન